## ભિલોડામાં યુવતીનું અપહરણ કરી કારમાં ફરાર થયેલ અપહરણકારોની કાર પલ્ટી જતા

# અપહૃત યુવતી અને ત્રણ અપહરણકારો ગંભીર ઈજાગ્રસ્ત

ભિલોડા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થીતી કથળી હોય તેમ ગાયત્રી સોસાયટી ડુંગરી તળેટી નજીકથી પસાર થતી બે યુવતીઓમાંથી એક યુવતીને ધક્કો મારી તેમજ સાથે રહેલી મહિલાને ગાળો બોલી તેની સાથે રહેલી ૧૮ વર્ષીય યુવતીનું કારમાં આવેલા ત્રણ શખ્સોએ અપહરણ કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી, જો કે અપહરણ કરેલ કાર ઈડરના બડોલી ગામ નજીક સીમમાં પલ્ટી ખાઈ જતા અપહત્ય યુવતી અને અપહરણ કરનાર ત્રણ શખ્સોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હિંમતનગર દવાખાને ખસેડાયા




હતા. અપહરણની ઘટનાના પગલે ભિલોડા પોલીસ દોડતી થઈ છે અને હાલ સારવાર લઈ રહેલ હોસ્પિટલે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ બેખોફ થયેલા ગુનેગારો દ્વારા સરેઆમ રહેણાંક વિસ્તારમાંથી યુવતીના અપહરણની ઘટનાએ સૌ જિલ્લાવાસીઓમાં રોષ અને ફફડાટ સર્જી દીધો હતો.

ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં રહેતી યુવતી તેની બહેનપણી અને અન્ય એક મહિલા સાથે શનિવારે સવારે ઘરેથી કામકાજ અર્થે નીકળી હતી ત્યારે ગાયત્રી સોસાયટી ડુંગરી તળેટી વિસ્તારમાંથી પસાર થતી હતી ત્યારે અલ્ટો કારમાં આવેલા ગાંભોઈના જગદીશ અળખાભાઈ થોરી અન્ય બે શખ્સોએ એક યુવતીને ધક્કો મારી નીચે પાડી દઈ તેની સાથે રહેલી ૧૮ વર્ષીય યુવતીનું અપહરણ કરી નાશી છૂટ્યા હતા. અપહરણકારોની કાર ઈડરના બડોલી ગામ નજીક કાર પલ્ટી જતા અપહત્ય યુવતી સહીત કાર ચાલક જગદીશ અને સાથે રહેલા બે શખ્સોને શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના સ્થળે દોડી આવેલા લોકોએ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડી દીધ.

ભિલોડા નગરમાં ધોળે દહાડે યુવતીના અપહરણની ઘટના બનતા ભિલોડા પોલીસે કપિલાબેન મનુભાઈ થોરીની ફરિયાદના આધારે જગદીશ અળખાભાઈ થોરી (ગાંભોઈ), નરસિંહ કાળાભાઈ થોરી (મુડેતી), વિષ્ણુ પ્રભાભાઈ થોરી (ગુલાબપુરા) વિરુદ્ધ અપહરણનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રાંતિજના સલાલના બે વેપારીઓને

# રૂ. ૯૦,૧૮,૨૮૧નો ચુનો લગાવતા તલોદના પિતા-પુત્ર સામે પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ માર્કેટયાર્ડમાં અનાજનો હોલસેલનો ધંધો કરતા તુલસી ટ્રેર્ડસના માલિક તથા સલાલ માર્કેટયાર્ડમાં આદિનાથ રાઈસ મીલ ચલાવતા બન્ને વેપારીઓ પાસેથી તલોદના પિતા-પુત્રએ ડાંગરનો સોદો કરી ખરીદી કુલ-૯૦,૧૮,૨૮૧નો ચુનો લગાવતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સલાલ તુલસી ટ્રેર્ડસના માલિક દ્વારા તલોદના પિતા-પુત્ર સામે પોલીસ ફરિયાદ કરી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના સલાલ માર્કેટયાર્ડમાં તુલસી ટ્રેર્ડસ પેઢી નામના વેપારી પ્રકાશકુમાર ભંવરલાલ શાહ રહે. સલાલ ઉ.વર્ષ-૪૪ કે જેવો ખેડૂતો પાસેથી અનાજની હોલસેલ ખરીદી કરે છે તથા સલાલ માર્કેટયાર્ડમાં આદિનાથ રાઈસ મીલ તથા આદિનાથ ટ્રર્ડસના માલિક મેહુલકુમાર વસંતભાઈ શાહ રહે. સલાલ પાસેથી તલોદ માર્કેટયાર્ડમાં આવેલ શ્રી કેનવાસીંગ ઓફીસ ધરાવતા પિતા-પુત્ર સચીન હર્ષદભાઈ શાહ તથા હર્ષદભાઈ મણીલાલ શાહ દ્વારા સલાલના બન્ને વેપારીઓને વિશ્વાસમા લઈને ફરીયાદી પ્રકાશકુમાર ભંવરલાલ શાહ પાસેથી ડાંગરની કુલ-૧૭,૧૬,૪૪૫ની ખરીદી કરેલ તથા સલાલના બીજા વેપારી મેહુલકુમાર શાહ પાસેથી ડાંગરની ૧૭,૦૧,૮૩૬ની ખરીદી કરી હતી જેમાં કુલ-૯૦,૮૧,૨૮૧ની ખરીદી કરી અલગ અલગ જગ્યાઓ ઉપર વેચાણ કરી દીધા બાદ પણ પૈસા નહી ચુકવવાતા સલાલના બન્ને વેપારીઓને વાયદા ઉપર વાયદા કરી બન્ને વેપારીઓ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ઓફિસ બંધ કરી ઘરેથી જતાં રહીને પિતા-પુત્ર બન્ને વેપારીઓ ફોન ના ઉઠાવતાં બન્ને વેપારીઓને પૈસા નહી ચુકવી વિશ્વાસ ઘાત છેતરપીંડી કરતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સલાલના તુલસી ટ્રેર્ડસના વેપારી માલિક પ્રકાશકુમાર ભંવરલાલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તલોદ ખાતે મારકેટયાર્ડમાં શ્રીજી કેનવાસીંગ નામથી અનાજની દલાલીનો ધંધો કરતા પિતા-પુત્ર સચીન હર્ષદભાઈ શાહ તથા હર્ષદભાઈ મણીલાલ શાહ બન્ને રહે. આનંદ પાર્ક સોસાયટી તલોદ જી. સાબરકાંઠા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે પિતા-પુત્ર વિરૂધ્ધ ગુનો નોધી આઈપીસી કલમ-૪૨૦, ૪૦૬, ૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઇ દ્વારા હાથ ધરવામા આવી છે.

# વાહનો ભાડે રાખી છેતરપીંડી કરતો શખ્સ પકડાયો

### નવલપુર પાટીયા પાસેથી પકડાયેલા શખ્સે પોતાના કબ્જાના ૭૭ લાખના ૧૦ વાહનો બતાવ્યા : ભેજાબાજ ટોળકીના બે સાગરીતોને પકડવા પોલીસની મથામણ

હિંમતનગર, તા. ૧૭

ગુજરાતના વિવિધ સ્થળેથી ખાનગી વાહન માલિકોને વિશ્વાસમાં લઈ તેમના વાહનો ભાડા પેટે લીધા બાદ તે વાહનો અન્યને વેચી દઈ



અથવા તો ગીરો આપી છેતરપીંડી કરતી ટોળકીના એક શખ્સને શનિવારે સાબરકાંઠા એસઓજીએ બાતમીને આધારે હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ નવલપુર પાટીયા પાસેથી ફોર વ્હિલર સાથે ઝડપી લઈ પુછપરછ કરતા અમદાવાદના આ શખ્સે ત્રણ જણા સાથે મળીને ચાલાકીપૂર્વક વાહન માલિકો સાથે છેતરપીંડી કરતા હોવાની કબુલાત બાદ એસઓજીનએ પુછપરછને અંતે અંદાજે રૂ. ૭૭ લાખની કિંમતના ૧૦ વાહનો કબ્જે લઈ વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિક તથા એસઓજીના પીઆઈ વાય.જે. રાઠોડ અને તેમની ટીમના જણાવાયા મુજબ તેઓ શનિવારે પેટ્રોલીંગમાં હતા ત્યારે નવલપુર પાટીયા પાસેથી પસાર થતી સ્વિફ્ટ કાર નં. જીજે.૨.સીપી.૧૪૭૯ ચલાવીને જઈ રહેલ ચાલકે પોતાનું નામ પરેશભાઈ દશરથભાઈ પંચાલ (ઉં.વ. ૨૨) રહે. આનંદનગર સોસાયટી, ચાંદલોડીયા હોવાનું જણાવ્યુ હતુ. ત્યારબાદ વાહનના કાગળોની માંગણી કરાતા તે રજુ કરી શક્યો ન હતો અને આ વાહન પોતાનુ ન હોવાનુ જણાવાત પોલીસે તેની અટક કરી હતી. ત્યારબાદ પકડાયેલા પરેશ પંચાલની પુછપરછ કરાતા સ્વિફટ ડીઝાયર કાર મહેસાણાના દિલીપભાઈ માણેકલાલ પટેલની હોવાનું જણાવ્યુ હતુ. જેમણે જીજ્ઞેશકુમાર રમણલાલ પટેલ નામના શખ્સને ત્રણ દિવસ ફેરવવા માટે આપી હતી. ત્યારબાદ પરેશ પંચાલને રૂ. ૩ લાખમાં ગીરો આપી હતી.

આ ઉપરાંત અન્ય કાર નં. જીજે.૨૭. બીએસ.૩૯૩૩ના માલિક પ્રકાશકુમાર લાલજીભાઈ રેણુજા પાસેથી અંકિત પંચાલે ભાડે ફેરવવાના બહાને લઈને પરેશ પંચાલ મારફતે ખેડાના સિદ્ધરાજસિંહ ઉર્ફે શિવાભાઈ કિરીટભાઈ ચાવડાને રૂ. ૧.૭૫ લાખમાં ગીરો પેટે આપી દીધી હતી. પોલીસે જેમ જેમ વધુ પુછપરછ હાથ ધરતા પકડાયેલા પરેશ પંચાલે વાહનો ભાડે લઈ અન્યને વેચાણ અથવા તો ગીરો પેટે આપી દેવા માટે તેની સાથે અન્ય બે શખ્સો પણ સંડોવાયેલા હોવાનુ કબુલ્યુ હતુ. જેથી પોલીસે તરત જ એસઓજીની ટીમો બનાવીને અમદાવાદ સહિતના અન્ય સ્થળેથી અંદાજે રૂ. ૭૭ લાખની દસ ફોર વ્હિલર કબ્જે લઈ હિંમતનગર પોલીસવડા કચેરીમાં લવાઈ હતી અને પોલીસથી નાસતા ફરતા બંને શખ્સોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### પોલીસ કોને શોધી રહી છે

વાહનના મુળ માલિકો પાસેથી વાહનો ઉંચુ ભાડુ આપવાની લાલચ આપી તે વાહનો મુળ માલિકની જાણ બહાર અન્યને વેચી દઈ અથવા તો ગીરો પેટે આપી દેવા માટેની પ્રવૃત્તિ અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના ભંકોડા ગામના અંકિત જયંતિભાઈ પંચાલ (હાલ રહે. નુરૂકૃપા સોસાયટી, ચાંદલોડીયા) તથા આજ વિસ્તારમાં આવેલ અલકનંદા ફલેટમાં રહેતા અને મુળ વિજાપુર તાલુકાના લાડોલ ગામના જીજ્ઞેશકુમાર ઉર્ફે જીગાલાલા રમણભાઈ પટેલને સાબરકાંઠા એસઓજી શોધી રહી છે.

### સાબરકાંઠા એસઓજીએ કયા નંબરના વાહનો કબ્જે લીધા

| વાહન માલિકનું નામ | વાહનનો નંબર |
|---|---|
| દિલીપભાઈ માણેકલાલ પટેલ | જીજે.૦૨.સીપી.૧૪૭૯ |
| પ્રકાશભાઈ લાલજીભાઈ રેણુજા | જીજે.૨૭.બીએસ.૩૯૩૩ |
| ધર્મેન્દ્રભાઈ પંચાલ | જીજે.૦૧.ઈટી.૧૯૮૮ |
| અજયકુમાર રામદુલાર પાંડે | જીજે.૦૧.કેએલ.૧૨૧૨ |
| પ્રકાશુમાર લાલજીભાઈ રેણુજા | જીજે.૨૭.ડીબી.૩૮૫૧ |
| સુરેશભાઈ ચૌધરી | જીજે.૧૮.બીઈ.૫૮૬૨ |
| અજયકુમાર રામદુલાર પાંડે | જીજે.૦૧.આરબી.૨૪૮૪ |
| અજયકુમાર રામદુલાર પાંડે | જીજે.૦૧.કેએચ.૫૭૮૬ |
| રાહુલ શૈલેષકુમાર પંચાલ | જીજે.૦૧.બીકે.૧૧૫૧ |
| યોગેશ મહાંતે | એમ.એચ.૦૪.એચએફ.૯૭૭૭ |

# થરાદમાં ફરાર આરોપીને પકડવા ગયેલી પોલીસને ધમકી આરોપી ફરી ફરાર

થરાદ, તા. ૧૭

થરાદમાં પાટણ જીલ્લાના દારૂના ગુનાના નાસતાં ફરતાં આરોપીને પકડવાં ગયેલ એલસીબીની ટીમને પરિવારે ધમકી આપી હોવાની ઘટના બની છે. ગઈકાલે પાટણ એલસીબીની ટીમ ચોક્કસ બાતમી આધારે દારૂના કેસમાં નાસતાં ફરતાં આરોપીને ઝડપી લેવાં માટે થરાદ તાલુકાના ખારાખોડા ગામે પહોંચી હતી. જ્યાં આરોપીના પરિવારજનોએ પ્રાણઘાતક હથિયારો સાથે ટીમ સામે હથિયારો ઉગામી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ દરમ્યાન અગાઉ દારૂના કેસમાં ફરાર આરોપીને ઝડપ્યાં બાદ પણ પરિવારજનોની દખલગીરીને કારણે આરોપી નાસી છૂટ્યો હતો. ઘટનાને લઈ થરાદ પોલીસ મથકે પોલીસની ફરજમાં રૂકાવટ અને ધમકીઓ આપવાને લઈ ચાર લોકોના નામજોગ ગુનો દાખલ થયો છે.

બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના ખારાખોડા ગામનો પટેલ પુનમાભાઈ

### ૫ વિરુદ્ધ ગુનો દાખલ

તેજાભાઈ પાટણ જીલ્લામાં વાગડોદ પોલીસ મથકના પ્રોહી ગુનામાં ફરાર હતો. આ દરમ્યાન પાટણ એલસીબીના અનાર્મ હેડ કોન્સ લાલભાઈ, અ.હે.કો. જયેશજી અને અપોકો મોડજી સહિતના બાતમી આધારે તેને પકડવા ખારાખોડા ગયા હતા. જ્યાં પહોંચી આરોપીને વોરંટ બતાવી ઝડપીને લઈ જવા દરમ્યાન પરિવારજનો કુહાડી, પાવડો, કોદાળી સહિતના હથિયારો સાથે આવી પહોંચ્યાં હતા. આ સાથે એલસીબી સ્ટાફના માણસોને મોટા અવાજે ગાળો બોલવા લાગ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે દારૂ કેસના આરોપીના પરિજનોએ એલસીબી સ્ટાફની ફરજમાં રૂકાવટ કરતાં આરોપી ફરીથી ફરાર થઈ ગયો હતો. જેને લઈ અનાર્મ હેડ કોન્સ. લાલાભાઈએ પુનમાભાઈ તેજાભાઈ પટેલ, નરસીભાઈ મુળાભાઈ પટેલ, રામજીભાઈ પુનમાભાઈ પટેલ, સમરથભાઈ મુળાભાઈ પટેલ અને અજાણી મહિલા સામે ફરજમાં રૂકાવટ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ થરાદ પોલીસ મથકે નોંધાવી છે.

